મેઘરજમાં શાળામાં લટકતો મૃતદેહ મળ્યો : હત્યા કે આત્મહત્યા ?

મેઘરજ, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ ગામની શાળામાંથી યુવાનનો મૃતદેહ મળી આવતા ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

મેઘરાજ ગામમાં આવેલ શાળા સરકારી નંબર-૧ના પરિસરમાં આવેલ વૃક્ષ પર લટકીને એક ૨૩ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા ગ્રામજનોમાં આ ઘટના ખુબ જ ચર્ચાનો વિષય બની હતી.

અરવલ્લી જિલ્લાના ખોબા જેવડા ગામમાં એક ૨૩ વર્ષીય યુવાને ગામની સરકારી શાળામાં અગમ્ય કારણોસર શાળાના એક ઝાડ સાથે રસ્સી લગાવી આપઘાત કરી લીધો હતો. આ ૨૩ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા જ ગ્રામજનો આ યુવકની લટકતી લાશ જોવા ઉમટી પડ્યા હતા. આ ઘટના અંગે મેઘરાજ પોલીસ ચોકીને જાણ થતા તે તાત્કાલિક અસરથી ઘટનાસ્થળ પર આવી આવી પહોંચ્યું હતું અને લટકતી લાશને નીચે ઉતારી આ પોસ્ટમોર્ટમ કરવા મોકલી આપી હતી. તાજેતરમાં મળેલ જાણકારી અનુસાર આ યુવાનની હત્યા થઈ છે કે આત્મહત્યા તેનું કારણ અકબંધ છે જોકે હાલ આ અંગે સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે સરકારી સરકારી શાળાના પરિસરમાં રહેલ વૃક્ષ પર ૨૩ વર્ષીય યુવકની લટકતી લાશ મળી આવતા મોટી સંખ્યામાં ગ્રામજનોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક અસરથી શાળામાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશને એક કરોડનો ફાળો આપ્યો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરનો ભોગ બનેલા નાગરિકો-ગ્રામજનોના પૂનર્વસન માટે મુખ્યમંત્રી રાહતનિધિમાં ઉદાર હાથે ફાળો આપવા કરેલી અપિલને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. વિજયભાઈ રૂપાણીને આજે ગુજરાત સરકારના સાહસ ગુજરાત સ્ટેટ વેર હાઉસીંગ કોર્પોરેશન દ્વારા આ પૂર પીડિતો માટે ૧ કરોડનો ચેક મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ થયો હતો. કૃષિ-સહકારના અગ્ર સચિવ સંજયપ્રસાદ, નિગમના એમ.ડી. સંજયનંદન અને પશુપાલન સચિવ ડો. મૂરલીકિષ્ણાએ આ ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો હતો.

સરકારી વિભાગોની ખાલી પડેલી જગ્યાઓ પ્રતિક્ષાયાદીના ઉમેદવારોથી ભરવા માંગ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટ તથા બિન સચિવાલય કારકુન વર્ગ-૩ માટે ૪૬૮૨ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ભરતી પ્રક્રિયામાં અનેક ઉમેદવારે એક યા બીજા કારણોસર તેમને ફાળવાયેલ જગ્યા પર હાજર થયા નથી જેથી ખાલી પડેલી આ જગ્યાઓ પર પ્રતિક્ષા યાદીના ઉમેદવારોની ભરતી કરવા માંગ કરવામાં આવી છે.

સરકારના નિયમ મુજબ ખાલી પડેલી જગ્યાઓને પ્રતિક્ષા યાદીના ઉમેદવારોથી ભરવાની હોય છે. ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા તૈયાર કરાયેલ પ્રતિક્ષા યાદીના આધારે આ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા પ્રતિક્ષા યાદીમાં રહેલા ઉમેદવારોએ બોર્ડના અધ્યક્ષ અસિત વોરાને મળી રજૂઆત કરી હતી. જોકે અધ્યક્ષે જુદા જુદા સરકારી વિભાગોમાંથી આ પ્રકારે ખાલી પડેલી જગ્યાઓની યાદી હજુ સુધી ભરતી બોર્ડને આપી ના હોવાથી આ પ્રક્રિયા હાથ ધરાઈ નથી તેવું જણાવ્યું હતું. આ સાથે તેમણે ઉમેદવારોને સકારાત્મક પ્રતિભાવ આપતા ખાતરી આપી હતી કે જલ્દીથી સરકારી વિભાગો પાસેથી આ યાદી મંગાવી વિલંબિત ભરતી પ્રક્રિયા હાથ ધરાશે તેવી હૈયાધારણ આપી હતી.

માનો યા ના માનો : પીલુદ્રાની યુવતી છેલ્લાં દસ વર્ષથી અન્ન-જળ લેતી નથી

છતાંય સામાન્ય માણસની જેમ સ્વાસ્થ્ય ધરાવે છે : વર્ષમાં એક જ વાર મરતોલી કે મરોલી ખાતે પ્રસાદ સ્વરૂપે અન્ન-જળ લે છે : અંબાજી પણ દર વર્ષે પગપાળા જાય છે : નાનપણમાં શિવભકત અને અત્યારે માતા ચેહરની ભકત છે

પ્રાંતિજ, તા. ૨૨

તમે માનો યા ના માનો વિજ્ઞાન કે કરીશ્મા દેવીશકિત કે જાદુઇ શકિત સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પિલુદ્રાની યુવતી છેલ્લાં દસ વર્ષથી અન્ન-જળ લેતી નથી તો પણ સામાન્ય માણસની જેમજ સ્વાસ્થ્ય ધરાવે છે.

આપણે એક દિવસ પણ ભૂખ્યાં રહેવાનું અઘુરૂ પડે છે અને ઉપવાસ કર્યો હોય તો ફૂટ ફરાળ ખાધા પછી પણ પેટમાં બિલાડા બોલતા હોય છે અને એક દિવસ પણ ખાધા વગર ચાલતુ નથી. ત્યારે પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા ગામે રહેતી સપના વસંતભાઈ નાયક છેલ્લા દસ વર્ષથી અન્ન-જળ વગર જીવન જીવે છે અને પરિવારની સાથે સગાસંબંધીઓ ગ્રામજનો પણ આશ્ચર્યમાં છે. તેની માતા પુષ્પાબેનનું કહેવું છે કે જે દિવસથી તેને લગ્નની પીઠી ચોળી તે દિવસથી તેણે અન્ન-જળ બંધ કર્યું છે અને અન્ન-જળ બંધ કરવાને લઈને સાસરીયાવાળાઓએ રાજીખુશીથી લગ્નના થોડાક સમયમાં છુટાછેડા આપ્યાં હતાં. જ્યારે પોતે ઘરમાં રસોઇ બનાવવી ઘરનું રોજીંદુ કામ પણ કરે છે અને દર ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જાય છે જ્યારે તે વર્ષમા એક વાર મરતોલી કે મરોલી બહુચર મંદિરે જાય છે. ત્યારે માત્ર તે દિવસ પુરતું પ્રસાદ સ્વરૂપે અન્ન-જળ લે છે અને ચુંદળીવાળા માતાજીના બાદ બીજો કિસ્સો સામે આવ્યો છે તેમ કહીએ તો નવાઈ નહી ત્યારે તબીબી વિજ્ઞાન માટે પડકાર રૂપ છે ત્યારે તંત્ર દ્વારા ખરેખર તપાસ હાથ ધરવામાં આવે તો કંઇક નવું મલી આવે તેમ કહીએ તો નવાઈ નહીં ત્યારે આગેની વાત પ્રાંતિજ સિવિલ તબીબી ડૉ. જે.કે. પ્રણામી તથા ડૉ. જીનેશ રાઠોડ સાથે આ અંગેની વાતચીત કરતાં તેવોએ જણાવ્યું કે અન્ન-જળ વગર કોઇ રહી શકે અને જીવન જીવી શકે એ શકય નથી અને સાયન્સમાં પણ શક્ય નથી જો તેની મેડીકલ સહિતની તપાસ થાય તો રહસ્ય જાણવાં મળે.

બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨૦૧૭ને વર્લ્ડબુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં અમદાવાદ ખાતે પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરીયમ હોલમાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા દ્વારા યોજાયેલ બ્રહ્મ ગૌરવ ૨૦૧૭ એવોર્ડ કાર્યક્રમમાં કુલ ૬૬૩ ભૂદેવોને સમાજમાં એક મંચ ઉપર એક સાથે એક જ જ્ઞાતિના અગ્રણીઓને સન્માની વર્લ્ડ રેકોર્ડ બનાવેલ હોય વર્લ્ડ બુક ઓફ રેકર્ડ લંડન દ્વારા મહામંત્રી યજ્ઞેશ દવે તથા કાર્યકારી પ્રમુખ ચૈતન્ય શંભુ મહારાજ તથા સમગ્ર બ્રહ્મસમાજ રાજ્યકક્ષાની ટીમને વર્લ્ડ બુક ઓફ રેકર્ડ લંડનના ગુજરાતના અધ્યક્ષ અશ્વિન ત્રિવેદી, એડવોકેટ તથા કો ઓર્ડીનેટર દિવ્ય ત્રિવેદી દ્વારા વર્લ્ડ એકર્ડનો એવોર્ડ તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગત શુકલ, અમીત દવે એવોર્ડ કમીટી તથા મહિલા પાંખ દ્વારા કરવામાં આવેલ. એવોર્ડ સાથે મ્યુઝીકલ નાઈટ તથા ગીત સંગીતનો ભવ્ય કાર્યક્રમ અનુપમ વ્યાસ ઓરકેસ્ટ્રા દ્વારા સમાજના કલાકારોથી યોજાયેલ આ પ્રસંગે રાજનીતિજ્ઞો, સામાજીક કાર્યકરો, કલાકારો, ફિલ્મ સ્ટારો તથા બ્રહ્મ અગ્રણીઓ તેમજ ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ભારતીય જનતા પાર્ટીના અગ્રણી અમીત ઠાકર તથા ભરતભાઈ પંડ્યા સહિત મોટી સંખ્યામાં બ્રહ્મ અગ્રણીઓ પરિવાર સાથે ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા રથની ફેરણી માણસા તાલુકામાં યોજાઈ હતી તેની લેવાયેલ તસવીર.

શિહોલી મોટીના યુવાનો પૂર પિડિતોની મદદે

ગાંધીનગર, તા. ૨૨

બનાસકાંઠામાં ભયાનક અતિવૃષ્ટિમાં પૂરપિડીતોની સેવા કરવાની ભાવના જાગી ઉઠતાં શિહોલીમોટીના યુવાનોએ મદદ કરવાનું તાત્કાલિક નક્કી કર્યુ. એલીગન્સ રેસીડેન્સીના વસાહતીઓ, સધીમા યુવકમંડળ, ઠાકોરસેના આનંદજી અને ડૉ. ભંડેરીએ સુંદર રીતે આયોજન કરાવ્યું. ગામના ઈતિહાસમાં પહેલીવાર મદદ ઉઘરાવવાનો પ્રસંગ હતો. લોકોએ ઉત્સાહભેર સામગ્રી-રોકડ વરસાવી હતી.

મંદિરમાં રાતે ફૂડ પેકેટો બનાવ્યા. સ્વાધ્યાય પરિવાર, મહિલા મંડળ વાઘજીપુરાના યુવાનોએ ઉત્સાહ દર્શાવ્યો. ૬૦ કીલોના ફૂડ પેકેટ બનાવ્યા.

ગામના યુવાનો સુરેશજી પુંજાજી કરશન દાનાજી, રમેશજી, કલ્પેશ, કારાજી, આનંદજી, ભરતભાઈ પટેલની ટીમ પુરપીડિતોને મદદ કર્યાનો ગ્રામજનોમાં આનંદ છલકાયો હતો.

ખેડબ્રહ્માના નિલકંઠ મહાદેવ મંદિરમાં સમુહ આરતી

ખેડબ્રહ્મા શહેરના નિલકંઠ મહાદેવ મંદિર સહીત પંખેશ્વર મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, ભૃગુઋષી મહાદેવ, અચલેશ્વર મહાદેવ તથા મટોડાના મોટેનેશ્વર મહાદેવ તથા વરતોલના ભીમનાથ મહાદેવ મંદિરે શ્રાવણ માસના છેલ્લા દિવસે અને સોમવતી અમાસે શીવભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. જેમાં ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાં આવેલા નિલકંઠ મહાદેવ મંદિરમાં સાંજની આરતીમાં સમુહઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં અબાલવૃદ્ધે લાભ લઈ ધન્યતા અનુભવી હતી. બ્રહ્માજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રફુલભાઈ ચોબે, મંદિરના પુંજારી હસમુખભાઈ પંડ્યા, હરેશભાઈ ભાવસાર સહીત શીવભક્ત ભાઈઓ બહેનોએ સમુહ આરતીના આયોજનને સફળ બનાવ્યું હતું.

મોડાસા તાલુકામાં રામદેવ નવરાત્રી સાથે નેજા ઉત્સવ ધામધૂમથી ઉજવાશે

મોડાસા, તા. ૨૨

આજથી દ્વારિકાધીશન અવતાર ભગવાન બાબા રામદેવજીની નવરાત્રી મહોત્સવનો ઉમંગે પ્રારંભ થયો છે. કળિયુગના હાજરાહજુર રામદેવજીના ઉત્સવની મોડાસા તાલુકામાં પણ ઠેર ઠેર રામદેવ મંદિરો, દેવસ્થાનો, નિવાસ સ્થાનોમાં ઉજવણી થઈ રહી છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં રામદેવજી ભાદરવીના નોરતા ઉત્સવનો અનોખો મહિમા હોઈ ભક્તો, શ્રધ્ધાળુઓમાં આ ઉત્સવની ઉજવણી માટે થનગનાટ જેવા મળી રહ્યો છે.

મોડાસા તાલુકામાં રાજપુર-બાકરોલ ગામે પ્રાચીન રામદેવ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૩મો નેજા ઉત્સવ આજે ૨૨મીથી પ્રારંભ થયો છે, આગામી બાદરવી નોમ તા.૩૦-૮-૧૭ને બુધવારે સવારે ૮-૩૦ કલાકેથી અવિરત નેજા વધામણાં, સત્સંગ, મહાઆરતી કાર્યક્રમો થશે.

જ્યારે મોડાસા શહેર બાયપાસ નજીક દેવરાજધામે પણ પરંપરાગત રીતે નોમના નેજા ચડાવશે. બાયલ ઢાખરોલ ગામે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ ઉજવાશે, ગારુંડી નજીક દલીલપુર રામદેવ આશ્રમે પણ ઉત્સવ ઉજવાશે. આમ મોડાસા તાલુકામાં ઠેર ઠેર રામદેવ ભાદરવી નવરાત્રી ઉત્સવની ઉજવણી થઈ રહી છે.

રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખોફનાક નિંદણ ગાજરઘાસ અંગે જાગૃતતા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા ગાજરઘાસ જાગૃતતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન કેન્દ્ર ખાતે એક ખેડૂત સભાનું આયોજન કરાયું હતું. જેમાં ખેડૂતોને આ ખોફનાક નિંદણ વિશે માહિતગાર કરી સૌ પ્રથમ અમેરીકાથી ૧૯૫૫માં આયાતી ઘઉં સાથે આપણા દેશમાં પ્રથમ પ્રવેશ મેળવી આજ સુધીમાં તે દ્વારા થયેલ વ્યાપક નુકસાનની માહિતી અપાઈ હતી. આ નિંદણ આપણા વિસ્તારમાં ફેલાય નહીં તે માટે ખેડૂત તેને ઓળખે અને ઉગતાની સાથે જ તેનો નાશ કરવામાં આવે તેવું જણાવી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા આ નિંદણની જમીન, વનસ્પતિ, પ્રાણી અને મનુષ્ય પર થતી ઘાતક અસરોની ચર્ચા કરવામાં આવી હતી અને તેમના નિયંત્રણ માટેના જરૂરી પગલાઓ સૂચવવામાં આવ્યા હતા. આ ખોફનાક નિંદણના પાન ગાજરના છોડને મળતા આવતા હોવાથી તેને ગાજરઘાસ કહે છે. આ ઉપરાંત તેમને કોંગ્રેસ ઘાસ કે સફેદ ટોપી જેવાં નામથી પણ ઓળખવામાં આવે છે.

હેલ્લો ફ્રેન્ડસ! ● ૪ પાનાનું ચાલુ...

મુંબઈ રેડ એફ.એમ.ની આર.જે. મલિષ્કા કે જેને 'મુંબઈની રાણી' પણ કહે છે. એણે મુંબઈ મહાનગરપાલિકાની પોલખોલ કરતું ગીત 'મુંબઈ તુલા બીએમસી વર ભરોસા નાય કા...' કર્યું અને મુંબઈગરાઓએ એને અત્યંત ફેમસ કર્યું અને નગરપાલિકાની વાટ લગાવી દીધી...

સોનું ના એ મરચાં શિવસેનાને બરોબરના લાગ્યા અને એણે એનું પ્રતિગીત બનાવી મલિષ્કાને જવાબ આપ્યો, એના ઘરે રેડ પડાવી એના તુલસીના કયારામાંથી મચ્છરોના પોરાં કાઢી બતાવ્યાં અને પછી તો પબ્લીક વધુ ભડકી અને આર.જે. મલિષ્કા અને એનું સોનુ ગીત વધારે જોરશોરથી ધૂમ મચાવવા લાગ્યું... આટલું જ શું કામ 'સોનું, તને મોદી પર ભરોસો નઈ કે...' કરીને સચ્ચા ભારતીય કરીને એક છોતરાફાડ ગીત નરેન્દ્ર મોદી માટે બન્યું, 'મોદી તું હવે દેશ સાથે સાચું બોલ...' એમ કહીનો નોકરી, ટેક્સ, જીએસટી, સ્માર્ટ સિટી, દલિત અત્યાચાર, પરદેશ યાત્રા અને અચ્છે દિનની બરાબરની ફિરકી લીધી... સો ટકા આ ગીત એ વિરોધપક્ષની ક્રિએટીવીટી છે, જોઈએ હવે મોદી ભક્તો આનો કેવો જવાબ આપે છે!

ઈન્ટરનેટ પર ક્યારે શું વાયરલ થશે કહેવાય નહીં. પછી એ કોલાવરી ડી હોય કે શાંતાભાઈ... ઈન્ટરનેટ આ બધાંને પ્રસિદ્ધિ પૈસા અને માન-સન્માન આપે છે અને ઈન્ટરનેટના માધ્યમથી જ મફતમાં અનેક લોકોએ પોતાની કરિઅર બનાવી છે. પણ 'સોનું...' ગીતમાં કંઈક અલગ એટલે બની રહ્યું છે કે એક બાજુ એમાં નર્યું મનોરંજન છે તો બીજી તરફ ગંભીર વિષયમ માંડવાનો રસ્તો પણ છે. અમદાવાદ-સુરતના રસ્તા માટે પણ આ ગીતો ખૂબ ચાલ્યા છે અને એનાં પડઘાય પડ્યાં છે... ટૂંકમાં સોનુઉઉ દરેક સમસ્યાને પ્રેમથી ગીત ગાતા કહેવાનો ચીલો ચાતરી આપ્યો છે. બોલો, 'સોનુઉઉ તને મારા પર ભરોસો નઈ કે...'

ચૂંટલો :

મહારાષ્ટ્રમાં 'સોનુ' શબ્દ લાડથી બોલાય છે. તે છોકરો-છોકરી-કૂતરાં-બિલાડાં માટે પણ વપરાય છે. સોનુ ને જાતી નડતી નથી એટલે એ જોડકણાં ગીતમાં પરફેક્ટ ફીટ થાય છે. 'સોનુઉઉ...' સોશિયલ મીડિયામાં વાયરલ છે, એટલે એને લાઈક કરવાનું ભૂલતાં નહીં, સોનું તને આ લખનાર પર ભરોસો નઈ કે...!

દિવાલ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના લીધે પરિવારજનો મુસીબતમાં મુકાયા હતા. જયારે પાલજમાં પણ કોતર વિસ્તારમાં ધોવાણ થવાના લીધે મકાનોને નુકશાન થયુ હતુ. કેટલાક મકાનોનો એકબાજુના ભાગનુ ધોવાણ થયુ હતુ. શહેરી વિસ્તારના ગામોમાં નદીના કોતર નજીક કેટલાક મંદિરો પણ છે. જયારે ભારે વરસાદના સંજોગોમાં મંદિરો તેમજ આ વિસ્તારમાં સ્થિત અન્ય કાચા પાકા મકાનોનુ ધોવાણ ન થાય તે માટે જરૂરી કમ્પાઉન્ડ વોલ તેમજ પીચીંગનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરી વિસ્તારના પાલજ તેમજ બાસણ ગામમાં આ માટે ખાસ કામગીરી હાથ ધરાશે. જેમાં પાલજમાં સ્થિત ચામુંડા માતાના મંદિરને અનુલક્ષી દિવાલ બનાવાશે જયારે બાસણમાં પણ અંબાજી મંદિરના રક્ષણ માટે પણ આ મુજબ દિવાલ તેમજ પત્થરનુ પીચીંગ વર્ક કરવામાં આવશે. આ માટે માર્ગ મકાન વિભાગ દ્વારા અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે હજુ ટેન્ડર પ્રકીયા આખરી થયા બાદ કામ શરૂ કરાશે.

સેવાનો સમન્વય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અર્ચના કરી સાદગીથી મહોત્સવની ઉજવણી કરશે. મહોત્સવમાં દર વર્ષે અંદાજિત રૂ પાંચ થી સાત લાખનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ ભારે વરસાદના સંજોગોમાં બનાસકાંઠા વિસ્તારમાં તારાજી સર્જાતા પુરગ્રસ્ત વિસ્તારમાં અસરગ્રસ્તાની મદદ માટે ભુવનેશ્વર યુવક મંડળના સંદિપ જોષી સહીતના યુવાનો દ્વારા મહોત્સવની ઉજવણી સાદગીપુર્ણ કરવાની સાથે બચતની રકમમાંથી બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારના નાગરિકોને સહાય પહોંચતી કરવા માટેનુ અનોખુ સેવાકાર્ય કરવાનો અભિગમ અપનાવી અનોખી પહેલ કરી છે. વધુમાં યુવક મંડળ દ્વારા સાડી તેમજ અન્ય જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ૧૦ હજાર જેટલી કીટ પણ તૈયાર કરવામાં આવી છે. આમ યુવક મંડળ દ્વારા આયોજિત ધાર્મિક ઉત્સવમાં શ્રીજીની પુજા ભક્તિ સાથે સેવાનો અનોખો સમન્વય જોવા મળ્યો છે. આગામી દિવસોમાં મુખ્યમંત્રીને ચેકની રકમ સુપ્રત કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

ઐતિહાસિક ચુકાદો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટિકા કરી હતી. સાથે સાથે ત્રિપલ તલાકને ફગાવી દીધો હતો. ૩-૨ની બહુમતિથી આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ૩૦મી માર્ચ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે નક્કી કર્યું હતું કે, આની સાથે જોડાયેલી અરજી ઉપર પાંચ જજની બંધારણીય બેંચ સુનાવણી કરશે. તમામ પાસાઓ ઉપર વિચારણા કરશે. કોર્ટે એ વખતે કહ્યું હતું કે, આ મામલો ખુબ જ ગંભીર છે અને આને ટાળી શકાય નહીં. કોર્ટે તમામ સંબંધિત પક્ષોને લેખિતમાં પોતાની વાત એટર્ની જનરલ પાસે જમા કરવા કહ્યું હતું. ૧૧મી મે ૨૦૧૭ના દિવસે આ મામલામાં બંધારણીય બેંચમાં સુનાવણી શરૂ થઈ હતી. સુનાવણી સતત છ દિવસ સુધી ચાલી હતી. આ ગાળા દરમિયાન બંને પક્ષો તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટ તરફથી પણ ખુબ જ રોચક ટિપ્પણી કરવામાં આવી હતી. કુરાન, શરિયત અને ઈસ્લામિક કાયદાના ઈતિહાસ ઉપર જોરદાર ચર્ચા થઈ હતી. બંધારણની કલમો પણ જોરદારરીતે રજૂ કરવામાં આવી હતી. છ દિવસ સુધી સુનાવણી બાદ ૧૮મી મેના દિવસે સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યારબાદ ૨૨મી મેના દિવસે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રીમ કોર્ટમાં એક નવી એફિડેવિટ દાખલ કરી હતી. ચીફ જસ્ટીસ જેએસ ખેહરના નેતૃત્વમાં બંધારણીય બેંચે ત્રિપલ તલાકને ફગાવી દેતા આ ચુકાદો આપ્યો હતો. જેના ઘેરા પ્રત્યાઘાત પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે આ ઐતિહાસિક ચુકાદો આપતા ત્રિપલ તલાક પર હાલમાં છ મહિના સુધી પ્રતિબંધ મુકી દીધો છે. આ ગાળા દરમિયાન કાયદો બનાવવા માટેની સુચના કેન્દ્ર સરકારને આપવામાં આવી છે. ત્રિપલ તલાકની પિડિતા અને અરજીકરનાર શાયરા બાનોએ કહ્યુ છે કે તેને એવું લાગે છે કે ચુકાદો તેની તરફેણમાં આવ્યો છે. સમય હવે બદલાઈ ગયો છે.

શાયરાએ આશા વ્યક્ત કરતા કહ્યુ હતુ કે કાયદો ચોક્કસપણે બનશે તેમ તે આશા રાખે છે. શાયરાએ કહ્યુ છે કે તે ચુકાદાનુ સ્વાગત કરે છે. આ દિવસ મુસ્લિમ મહિલાઓ માટે ઐતિહાસિક છે. પાંચ જજની બેંચે આ ચુકાદો આપ્યો હતો. જે ત્રણ જજે આને ગેરબંધારણીય ગણાવીને રદ કરી દેવાની વાત કરી હતી. જ્યારે ચીફ જસ્ટીસ જેએસ ખેહર અને જસ્ટીસ નજીરે લઘુમતિમાં આવેલા ચુકાદામાં કહ્યુ હતુ કે ત્રિપલ તલાક ધાર્મિક મામલો છે જેથી કોર્ટ તેમાં દરમિયાનગીરી કરશે નહી. હવે જો છ મહિના સુધી કોઇ કાયદો બનશે નહી તો સ્ટે જારી રહેશે. જસ્ટીસ નરિમને કહ્યુ હતુ કે ત્રિપલ તલાક ૧૯૩૪ એક્ટના એક હિસ્સા તરીકે છે. તેની બંધારણીયતાનુ સ્વાગત કરવાની જરૂર છે. જસ્ટીસ કુરિયને કહ્યુ હતુ કે ત્રિપલ તલાક ઈસ્લામના હિસ્સા તરીકે નથી. આર્ટિકલ ૨૫ હેઠળ સુરક્ષા મેળવી શકે નહી. સુપ્રીમ કોર્ટે ત્રિપલ તલાકને ખતમ કરીને આસંબંધમાં રાજકીય મતભેદને દફનાવી દેવાની વાત કરી હતી. ત્રિપલ તલાકના મુદ્દા પર કાયદો ઘડી કાઢવા માટે સહકાર કરવા માટે તમામ રાજકીય પક્ષોને સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ. ત્રિપલ તલાકને ખતમ કરવા માટેની લડાઈ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી. મુસ્લિમ મહિલાઓએ પણ આની સામે હાલના વર્ષોમાં ઝુંબેશ ચલાવી હતી. ત્રિપલ તલાકની સામે હમેંશા અવાજ ઉઠતો રહ્યો છે.

બેંકોની હડતાલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેંકોમાં હડતાળના કારણે જીએસટી પેમેન્ટને પણ અસર થઈ હતી. જુદી જુદી પોતાની પેન્ડિંગ માંગને લઈને સવારમાં હડતાળ પાડવામાં આવી હતી. દેશભરની ૧૩૨૦૦૦ શાખાની કામગીરી સવારમાં ખોરવાઈ ગઈ હતી. મોટી સંખ્યામાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આજે તમામ રાષ્ટ્રીયકૃત બેંકો બંધ રહી હતી. ગ્રામીણ બેંકો પણ બંધ રહી હતી. બેંક ચાર્જમાં વધારો અને અન્ય જુદી જુદી માંગને લઈને હડતાળ પાડવામાં આવી હતી. સરકારની સૂચિત હિલચાલ સામેના વિરોધમાં બેંકિંગ કર્મચારીઓએ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો હતો. જાહેર ક્ષેત્રની બેંકોની સેવા આજે ૦૫ રહી હતી. કારણ કે, યુએફબીયુના છત્ર હેઠળ તમામ યુનિયનો હડતાળ પર હતા. મોટાભાગની બેંકોએ તેમના કસ્ટમરોને પહેલાથી જ સૂચના આપી દીધી હતી. બીજી બાજુ આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા જેવી ખાનગી બેંકોમાં ઓપરેશન ચેક ક્લીયરન્સમાં વિલંબ સિવાય સામાન્ય રહી હતી. ખાનગી બેંકોમાં સેવા યથાવત રીતે જારી રહી હતી. ઓલ ઈન્ડિયા બેંક

ઓફિસર્સ કન્ફડરેશન, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ સહિત નવ યુનિયનોની છત્ર સંસ્થા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન હેઠળ યુનિયનો હડતાળ પર હતા. ચીફ લેબર કમિશનર સાથેની તેમની મિટિંગ ફ્લોપ થઈ ગયા બાદ તેમની સામે હડતાળ ઉપર જવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ રહ્યો ન હતો. એઆઈબીઓસીના જનરલ સેક્રેટરી ડીટી ફ્રેન્કો દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી.